# ક્રિપ્ટો કરન્સીમાં ઘટાડોઃ XRP સપ્તાહમાં આઠ ટકા તુટ્યો

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૦.૫૩ ટકાનો ઘટાડો

**કેપિટલ સંવાદદાતા તા.૪**

અનિશ્ચિત રાજકીય અને મેક્રોઈકોનોમિક આઉટલૂકને કારણે ક્રીપ્ટોકરન્સીના ટ્રેડિંગમાં સોમવારે મિશ્ર વલણ રહ્યું હતું. બિટકોઈન ૪૬,૦૦૦ ડોલરની નજીક ટ્રેડ થઈ રહ્યો હતો. એકસઆરપી પણ સપ્તાહમાં આઠ ટકા જેવો તુટ્યો છે.

અમેરિકાની તથા અન્ય કેન્દ્રીય બૅન્કો નાણાં નીતિ વધુ સાવચેતીભરી બનાવશે એવી ધારણાને પગલે નાસ્દાક અને એસએન્ડપી૫૦૦ ફ્યુચર્સ ફ્લેટ રહેવાની શક્યતા છે.

ગત દસ વર્ષના આંકડા દર્શાવે છે કે એપ્રિલ મહિનામાં બિટકોઈનમાં સરેરાશ ૫૧ ટકા ભાવ વધ્યા છે.



બિટકોઈનનું ટ્રેડિંગ શરૂ થયા બાદ ફક્ત બે વખત એપ્રિલમાં ભાવ ઘટ્યા છે.

સોમવારે સાંજે પૂરા થયેલા ૨૪ કલાકના ગાળામાં બિટકોઈન ૪૬,૦૦૦ ડોલર અને ઈથેરિયમ ૩,૪૦૦ ડોલરની નજીક ટ્રેડ થઈ રહ્યા હતા.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૦.૫૦ ટકા (૩૫૦ પોઈન્ટ) ઘટીને ૬૯,૦૨૯ પોઈન્ટ બંધ રહ્યો હતો.